## 1. સંશોધનના હેતુઓ સ્પષ્ટ કરો.

- સમાજશાસ્ત્રી પૉલિન યુગના મતે સામાજિક સંશોધનના મુખ્ય ત્રણ હેતુઓ છે : 1. હકીકતોની શોધ અને ચકાસણી કરવી, 2. હકીકતો વચ્ચેનો સંબંધ શોધવો અને 3. વૈજ્ઞાનિક સિદ્ધાંત સ્થાપવો. સામાજિક સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે છે :
- હકીકતોની શોધ અને ચકાસણી કરવી : સામાજિક સંશોધનનો મુખ્ય હેતુ સમાજમાંથી નવી હકીકતોને શોધવાનો અને અગાઉ જે હકીકતોનું સંશોધન થયું હોય તે જૂની હકીકતોની પુનઃ ચકાસણી કરી તેનું પરીક્ષણ કરવાનો છે. સંશોધનમાં જ્યારે કોઈ પણ નિરીક્ષણ કરવામાં આવે છે ત્યારે એવું માની લઈને નિરીક્ષણ કરવામાં આવે છે કે કોઈ પણ હકીકત એકબીજા સાથે જોડાયેલી છે.
- કોઈ પણ હકીકત એકબીજાથી અલગ નથી. જો એક સામાજિક હકીકત બીજી કોઈ પણ સામાજિક હકીકત સાથે જોડાયેલી હોય, તો જ તે હકીકત અર્થપૂર્ણ બને છે. આમ, સામાજિક સંશોધનનો હેતુ હકીકતો પાછળ છુપાયેલા ભેદને શોધવાનો પ્રયાસ છે.
- 2. હકીકતો વચ્ચેનો સંબંધ શોધવો : સામાજિક સંશોધનનો બીજો મુખ્ય હેતુ હકીકતો વચ્ચેના સંબંધને શોધવાનો છે. સામાજિક સંશોધનમાં એકત્રિત થયેલી માહિતીને તાર્કિક અને ક્રમબદ્ધ રીતે ગોઠવીને તેનું પૃથક્કરણ કરવામાં આવે છે. પૃથક્કરણના આધારે હકીકતો વચ્ચેના સંબંધોનું વિશ્લેષણ કરવામાં આવે છે. વિશ્લેષણ દરમિયાન આ હકીકતોનો ઊંડો, ગહન અને છૂપો અર્થ જાણી હકીકતો વચ્ચેના સંબધનું સ્વરૂપ જાણવામાં આવે છે. આ સંબંધો સહસંબંધ સ્વરૂપનો. છે કે કાર્યકારણ સ્વરૂપના છે તે ચકાસવામાં આવે છે.
- 3. વૈજ્ઞાનિક સિદ્ધાંત સ્થાપવો : સામાજિક સંશોધનનો અંતિમ સંશોધન પ્રક્રિયાના અંતે સમાજજીવનને લગતા ચોક્કસ સિદ્ધાંતને સિદ્ધ કરવાનો છે. આમ, સામાજિક સંશોધનનો મુખ્ય હેતુ માનવીના વર્તનના અભ્યાસમાં મદદરૂપ થઈ શકે તેવાં વૈજ્ઞાનિક સાધનો અને ખ્યાલના વિકાસની સાથે અન્ય સિદ્ધાંતોનો વિકાસ કરવાનો છે.

## 2. મુલાકાત પ્રયુક્તિ સમજાવો.

- સામાજિક સર્વેક્ષણમાં માહિતી એકત્રિત કરવા માટે મુલાકાત પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવે છે. સામાજિક સંશોધનમાં પ્રાથમિક માહિતી એકત્ર કરવા માટે વપરાતી વિવિધ પ્રયુક્તિઓમાં 'મુલાકાત પ્રયુક્તિ' મહત્ત્વની છે.
- મુલાકાત પ્રયુક્તિનો અર્થ : સંશોધક ઉત્તરદાતાઓને તેમના નિવાસસ્થાને, કામના સ્થળે અથવા અન્ય કોઈ પૂર્વનિશ્ચિત સ્થળે અને સમયે રૂબરૂ મળીને મૌખિક વાતચીત કે પ્રશ્નોત્તરી દ્વારા પોતાના સામાજિક સંશોધનના પ્રશ્ન અંગે અનેકવિધ માહિતી મેળવે, તેને મુલાકાત પ્રયુક્તિ' કહે છે.
- મુલાકાતમાં બે પક્ષ હોય છે : (1) મુલાકાત લેનાર (સંશોધક) અને (2) મુલાકાત આપનાર (માહિતીદાતા કે ઉત્તરદાતા). આમ, મુલાકાત એટલે સંશોધક અને માહિતીદાતા વચ્ચેની મોઢામોઢની શાબ્દિક આપલેની પ્રક્રિયા, મુલાકાતમાં બે વ્યક્તિઓ વચ્ચે આંતરક્રિયા થાય છે. મુલાકાત બે પ્રકારે લેવામાં આવે છે :
- મુલાકાત અનુસૂચિ : સંશોધન પ્રશ્નના અનુસંધાનમાં પ્રશ્નોની વિગતવાર યાદી બનાવવામાં આવે છે, જેને મુલાકાત અનુસૂચિ' કહે છે. સંશોધક ઉત્તરદાતા પાસે જઈને પ્રશ્નો પૂછે છે અને તેના ઉત્તરો એ જ સમયે તૈયાર કરેલી મુલાકાત અનુસૂચિમાં નોંધે છે.
- 2. મુલાકાત માર્ગદર્શિકા : ડેનિસ અને સ્ટીફનના મતે, "મુલાકાત માર્ગદર્શિકા એ જરૂરી માહિતીના પ્રકારની રૂપરેખા દર્શાવતી માર્ગદર્શિકા છે." તે નિશ્ચિત પ્રશ્નોની બનેલી નથી, પરંતુ કઈ કઈ વિગતોને લગતી માહિતીની

જરૂર છે તે વિગતો દર્શાવતી યાદી છે. યાદીને ધ્યાનમાં રાખી સંશોધક માહિતીદાતાને પ્રશ્નો પૂછે છે. આ યાદીમાંથી સંશોધક માહિતીદાતાને ક્રમશઃ પ્રશ્નો પૂછે છે. જો માહિતીદાતા સંમતિ આપે, તો માહિતીદાતાના ઉત્તરોને ટેપરેકોર્ડરમાં ટેપ કરવામાં આવે છે અથવા સંશોધક માહિતીદાતાના ઉત્તરોને યાદ રાખે છે. કોઈક વાર સંશોધકો ટેલિફોન દ્વારા કે ઈ મેઈલ દ્વારા પણ માહિતીદાતાના ઉત્તરો મેળવે છે. આમ, સંશોધક જરૂરી માહિતી એકત્રિત કરે છે.

### 3. સામાજિક સર્વેક્ષણના હેતુઓ જણાવો.

- સામાજિક સર્વેક્ષણનો હેતુ સામાજિક ક્ષેત્રની વિવિધ ઘટનાઓ અને બનાવોનું વિશાળ નિરીક્ષણ કરી માહિતી મેળવ્યા પછી તે અંગેની સમજ મેળવવાનો છે. વેપાર, રાજકારણ, શિક્ષણ અને વિવિધ ક્ષેત્રોમાં સામાજિક સર્વેક્ષણ દ્વારા સંશોધન કરવામાં આવે છે.
- સામાજિક સર્વેક્ષણના હેતુઓ : સામાજિક સર્વેક્ષણના મુખ્ય બે હેતુઓ છે : 1. વર્ણનાત્મક હેતુ અને 2. સૈદ્ધાંતિક હેતુ.
- વર્ણનાત્મક હેતુ વર્ણનાત્મક હેતુથી કરવામાં આવેલા સર્વેક્ષણ જરૂરિયાતના પાયા પર રચાયેલા હોય છે. આ પ્રકારના સર્વેક્ષણનો હેતુ સમાજજીવનને લગતી કોઈ પણ બાબતની માહિતી એકત્રિત કરી, તેનું વર્ણન કરવાનો હોય છે. આ પ્રકારના સર્વેક્ષણને વર્ણનાત્મક સર્વેક્ષણ' કહે છે. આ પ્રકારના સર્વેક્ષણનો મુખ્ય હેતુ સમાજ કલ્યાણ માટે રચનાત્મક કાર્યક્રમો રજૂ કરવાનો અને સર્વેક્ષણના આધારે યોગ્ય કાર્યવાહી કરવાનો હોય છે.
- 2. સૈદ્ધાંતિક હેતુ સૈદ્ધાંતિક હેતુથી કરવામાં આવેલા સર્વેક્ષણનો હેતુ વાસ્તવિક હકીકતોની સમજૂતી મેળવવાનો અને સામાજિક બાબતો અંગે સ્પષ્ટીકરણ કરવાનો હોય છે. આ પ્રકારના સર્વેક્ષણમાં સામાજિક સિદ્ધાંતો દ્વારા સૂચવવામાં આવેલી ધારણાઓને ચકાસવામાં આવે છે. આ ઉપરાંત કોઈ પણ ઘટનાઓ પર જુદાં જુદાં અનેક પરિબળોની અસર તપાસવામાં આવે છે. આ પ્રકારના સર્વેક્ષણને વિશ્લેષણાત્મક સર્વેક્ષણ' કહે છે. સામાજિક સર્વેક્ષણમાં વૈજ્ઞાનિક સંશોધનનાં સોપાનો મુજબ સમાજજીવનને લગતી માહિતી એકત્રિત કરવામાં આવે છે.

### 4. મુલાકાત પ્રયુક્તિના લાભ જણાવો.

- મુલાકાત પ્રયુક્તિના લાભ નીચે પ્રમાણે છે : ઉત્તરદાતાના ખોટા અર્થઘટન અને અસ્પષ્ટ ઉત્તરોને તરત દૂર કરી શકાય છે. સંશોધકને પ્રશ્નોમાં ફેરફાર કરવાની અને પુનરાવર્તન કરવાની સ્વતંત્રતા મળે છે. સંશોધક અને ઉત્તરદાતા વચ્ચે પ્રત્યક્ષ સંપર્ક હોવાથી વિશ્વસનીય અને યથાર્થ માહિતી મળે છે. ઉત્તરદાતાના વિચારો અને મંતવ્યો જાણવા મળે છે. આ પદ્ધતિ શિક્ષિત અને અશિક્ષિત બંને પ્રકારના ઉત્તરદાતાઓ માટે ઉપયોગી છે. તેમાં ઉત્તરદાતાના શાબ્દિક તથા માનસિક પ્રતિભાવો જાણવા મળે છે.

### 5. મુલાકાત પ્રયુક્તિની મર્યાદાઓ જણાવો.

- મુલાકાત પ્રયુક્તિની મર્યાદાઓ નીચે પ્રમાણે છે : મુલાકાત પ્રયુક્તિ આર્થિક દષ્ટિએ ખર્ચાળ છે તેમજ વધુ સમય માગી લે છે. સંશોધકના અંગત અભિપ્રાયો કે મૂલ્યો માહિતીને પક્ષપાતી બનાવે છે. મુલાકાત લેનારના દરજ્જા અને પ્રતિષ્ઠાની અસર માહિતી આપનાર પર થાય છે. ઘણી મુલાકાતો એટલી ટૂંકી હોય છે કે, જે ઉત્તરદાતા વિશે

પૂરતી માહિતી આપી શકતી નથી. આમ, મુલાકાત પ્રયુક્તિની કેટલીક મર્યાદાઓ હોવા છતાં તેનાથી વધુ અને સચોટ માહિતી મળતી હોવાથી તે અન્ય પ્રયુક્તિઓ કરતાં વધુ ઉપયોગી છે.

### 6. પ્રશ્નાવલિ પ્રયુક્તિનો અર્થ સમજાવો.

- સર્વેક્ષણ પદ્ધતિમાં માહિતી એકત્રિત કરવા માટે મુલાકાત અને પ્રશ્નાવલિ એમ બે પ્રયુક્તિનો હોય છે. પ્રશ્નાવલિ પ્રયુક્તિ એટલે સંશોધન માટે ઉત્તરદાતાઓ પાસેથી માહિતી એકત્રિત કરવા માટેના પ્રશ્નોની યાદી. ઉત્તરદાતાઓને પ્રશ્નાવલિ બે રીતે આપી શકાય છે :

  (1) રૂબરૂ સંપર્ક દ્વારા અને (2) ટપાલ કે ઈ મેઈલ દ્વારા.. નજીકના વિસ્તારમાં રહેતા ઉત્તરદાતાઓ પાસે રૂબરૂ જઈને પ્રશ્નાવલિ આપી શકાય છે અને માહિતી મેળવી શકાય છે. જ્યારે દૂરના અંતરે રહેતા ઉત્તરદાતાઓને ટપાલ દ્વારા કે ઈમેઈલ દ્વારા પ્રશ્નાવલિ મોકલીને, તેમની પાસેથી ઓછા ખર્ચે માહિતી મેળવી શકાય છે.

### 7. પ્રતિબંધિત પ્રશ્નાવલિ કે વૈકલ્પિક જવાબી પ્રશ્નાવતિ ઉદાહરણ સહિત સમજાવો.

- આ પ્રકારની પ્રશ્નાવલિમાં સંશોધનને લગતા ચોક્કસ પ્રશ્નો અને તેના અપેક્ષિત ઉત્તારોની યાદી આપવામાં આવે છે. ઉત્તરદાતા પ્રશ્નોના ઉત્તર દર્શાવવા માટે 'હા' કે 'ના' અથવા 'ખબર નથી' જેવા વિકલ્પોમાંથી પોતાને યોગ્ય લાગે તે વિકલ્પ પર નિશાની કરે છે અથવા તેની નીચે લીટી દોરે છે. આ પ્રશ્નાવલિમાં અમુક પ્રશ્નો અને તેના ઉત્તરો આગાઉથી જ આપેલા હોય છે. તેથી ઉત્તરદાતા સરળતાથી અને ઓછા સમયમાં ઉત્તરો આપી શકે છે. સંશોધક પણ મળેલી માહિતીને સંખ્યાત્મક સ્વરૂપે સરળતાથી રજૂ કરી શકે છે.

### 8. અપ્રતિબંધિત પ્રશ્નાવલિ કે મુક્તજવાબી પ્રશ્નાવલિ ઉદાહરણ સહિત સમજાવો.

- આ પ્રકારની પ્રશ્નાવલિમાં ઉત્તરદાતાને પોતાના શબ્દોમાં મુક્ત રીતે ઉત્તરો અને અભિપ્રાયો આપવાની કે વિચારો અને માન્યતાઓ રજૂ કરવાની સ્વતંત્રતા હોય છે. તેમાં પ્રશ્નના વૈકલ્પિક ઉત્તરો અગાઉથી નક્કી કરેલા હોતા નથી, તેથી ઉત્તરદાતા લાંબા કે ટૂંકા, પોતાને યોગ્ય લાગે તેવા ઉત્તરો આપી શકે છે. તે પ્રશ્નો અંગે પોતાના અભિપ્રાયો રસ્પષ્ટ રીતે જણાવી શકે છે. ઉત્તરદાતા પોતાના અભિપ્રાયો સંશોધકની ગેરહાજરીમાં પણ લખીને જણાવી શકે છે.

### 9. સામાજિક સંશોધનની વ્યાખ્યા આપો.

- સામાજિક સંશોધન એટલે સમાજ જીવનની વિવિધ ધટનાઓનું વૈજ્ઞાનિક પદ્ધતિથી વિશ્લેષણ કરી, તે વિશ્લેષણના આધારે સમાજજીવનને અસર કરતાં સિદ્ધાંતો અથવા નિયમોની સાથે કલ્પના રચી શકાય તેવી વૈજ્ઞાનિક પ્રક્રિયા (પ્રવૃત્તિ).
- સામાજિક સંશોધનની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે : સમાજશાસ્ત્રી 23મન અને મોરીના મતે, "નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન." સમાજશાસ્ત્રી પ્રો. ગોપાલના મતે, "વસ્તુલક્ષી અને ચકાસણી જન્ય પદ્ધતિઓ દ્વારા હકીકતો શોધવા માટેની, હકીકતો વચ્ચેના સંબંધો માટેની અને તેના આધારે સિદ્ધાંત કે નિયમો તારવવા માટેની વ્યવસ્થિત તપાસે એટલે સંશોધન.

## 10. સેન્સસ સર્વેક્ષણ કોને કહેવાય ?

- સમષ્ટિ સર્વેક્ષણ (સેન્સસ સર્વેક્ષણ) : આ પ્રકારના સર્વેક્ષણમાં સંશોધક અભ્યાસ વિસ્તારના અને અભ્યાસ વિષયથી સંબંધિત તમામ વ્યક્તિઓને ઉત્તરદાતા તરીકે પસંદ કરી તેઓનું સર્વેક્ષણ કરે છે. આ પ્રકારના સર્વેક્ષણને 'સમષ્ટિ સર્વેક્ષણ' (સેન્સસ સર્વેક્ષણ) કહે છે.
- દા. ત., આપણા દેશમાં દર 10 વર્ષે વસ્તીગણતરીમાં ભારતના તમામ નાગરિકો પાસેથી કુટુંબ અંગેની માહિતી એકત્રિત કરવામાં આવે છે. આ પ્રકારના સર્વેક્ષણને 'સમષ્ટિ સર્વેક્ષણ' કહેવાય.